# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧/૬/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

———————————————————————————————————

# ચેમ્બર દ્વારા 'કોવિડ– ૧૯ના સમયગાળા દરમિયાન ઇન્સ્યુરન્સ ઇશ્યુઝ' વિશે વેબીનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સાંજે ૬:૦૦ કલાકે કોવિડ– ૧૯ના સમયગાળા દરમિયાન ઇન્સ્યુરન્સ ઇશ્યુઝ' વિષય ઉપર ૭૬માં વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે નેશનલ ઇન્સ્યુરન્સ કંપની લિમિટેડના ચીફ રિજનલ મેનેજર શ્રી કે.કે. રૈના અને વડોદરા બ્રાન્ચ ઓફિસ– ૨ના સિનિયર બ્રાન્ચ મેનેજર શ્રી ચિંતન બ્રહમભટ્ટ તથા એચડીએફસી અર્ગો હેલ્થ ઇન્સ્યુરન્સના બેંકા એન્ડ બ્રોકીંગના ઝોનલ સેલ્સ હેડ શ્રી દીપક પાંડેએ મોટર પોલિસી, હેલ્થ ઇન્સ્યુરન્સ અને કર્મચારીઓ માટેના ગૃપ મેડીકલ હેલ્થ ઇન્સ્યુરન્સની જરૂરિયાત વિશે માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે એમ્પ્લોઇઝ કમ્પન્સેશન એકટ, સીજીએલ અને કોમર્શિયલ લાયબિલિટી પોલિસી લેવાની ઉદ્યોગકારોને સલાહ આપી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ જણાવ્યુ હતુ કે, લોકડાઉનમાં ઇન્સ્યુરન્સ પ્રત્યે ફેકટરીમાં, મોટર વ્હીકલમાં અને હેલ્થના ઇશ્યુ ઉભા થયા છે. આવા સમયે ઇન્સ્યુરન્સ કંપની જ સાચી મદદ કરી શકે તેવુ આપણે માનીએ છીએ. બિઝનેસમાં કે હેલ્થ વાઇઝ જે નુકસાન થયુ હોય તો કલેઇમ કરતી વખતે કઇ બાબતોનું ઘ્યાન રાખવાનું હોય છે તેના વિશે આજના વેબીનારમાં નિષ્ણાંતો પાસેથી માર્ગદર્શન મળી રહેશે.

શ્રી કે.કે. રૈનાએ જણાવ્યુ હતુ કે, કોરોના વાયરસથી બચવા માટે સરકારે દેશભરમાં લોકડાઉન જાહેર કર્યુ છે અને તેને કારણે બંધ ફેકટરીઓમાં જે નુકસાન થયુ હશે તે અંગેનું કલેઇમ મળશે નહીં. જો કે, બેઝીક પોલિસીની અંદર લોસ ઓફ પ્રોફીટ લીધું હોય તો તેના અંતર્ગત ફેકટરીમાં આગને કારણે જે નુકસાન થાય છે તેની સામે

કલેઇમ મળી શકે છે. એવી રીતે મશીનરી માટેની પોલિસી હોય છે. મશીનરીને ફિઝીકલ ડેમેજ થયું હોય અથવા તો આગને કારણે પ્લાન્ટ બંધ થઇ જાય અને ત્યારબાદ રિકન્સ્ટ્રકટ થતા છ મહિના લાગી જાય ત્યારે આ સમયગાળા દરમિયાન કોઇ સેલ નહીં થાય ત્યારે ગત વર્ષના પ્રોફીટની સાથે કમ્પેર કરીને ફેકટરીના માલિકને બિઝનેસ ઇન્ટરેપ્શનનું કલેઇમ મળે છે. સ્ટોકની કિંમત માર્કેટ વેલ્યુ પ્રમાણે ગણવામાં આવે છે. જયારે બિલ્ડીગ અને મશીનરીની વેલ્યુ અલગ હોય છે.

વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે કુદરતી આપદા, લોકડાઉન કે સપ્લાય ચેઇનનું ડિસરપ્શન હોય તો આ બાબતો બિઝનેસ ઇન્ટરેપ્શનમાં આવતી નથી. પરંતુ વિશ્વની મોટી કંપનીઓ કે જે વિવિધ દેશોમાં બિઝનેસ કરતી હોય ત્યારે એવી કંપનીઓ સપ્લાય ચેઇન ડિસરપ્શન થાય ત્યારે થતા નુકસાનને પહોંચી વળવા ઇન્સ્યુરન્સ પોલિસીમાં સ્પેશિયલી ડિઝાઇન કવરમાં લેતી હોય છે. જો કે, ઇન્સ્યુરન્સના એસટીએફઆઇમાં સ્ટોમ, ટાયફુન અને સાયકલોન કવર કરવામાં આવે છે.

શ્રી રૈનાએ વધુમાં કહયુ હતુ કે, દક્ષિણ ગુજરાતમાં જયાં ખૂબ જ મોટા પ્રમાણમાં ઉદ્યોગો સ્થપાયેલા છે ત્યારે કારખાનેદારોએ એમ્પ્લોઇઝ કમ્પન્સેશન એકટ હેઠળ કર્મચારીઓ માટે મેડીકલ પોલિસી લેવી જોઇએ. કારણ કે, આ એકટ અંતર્ગત ફેકટરીમાં કોઇ અકસ્માત થાય અને તેમાં કર્મચારી મૃત્યુ પામે અથવા કાયમી ધોરણે તેને અપંગત્વ આવે તો એવા કેસમાં કર્મચારી તથા તેના પરિવારજનોને આર્થિક મદદ મળી રહે છે. તદુપરાંત પ્રોડકટ લાયબિલિટી અને કસ્ટમર લાયબિલિટી માટે પણ પોલિસી લઇ શકાય છે. જેમાં કંપનીની પ્રિમાઇસિસમાં કોઇ દુર્ઘટના બને અને તેમાં ગ્રાહકને અથવા પ્રોડકટને નુકસાન થાય તો કલેઇમ કવર થઇ જાય છે. આથી તેમણે સીજીએલ અને કોમર્શિયલ લાયબિલિટી પોલિસી લેવાની સલાહ ઉદ્યોગકારોને આપી હતી.

શ્રી ચિંતન બ્રહમભટ્ટે જણાવ્યુ હતુ કે, મોટર પોલિસીમાં ઓન ડેમેજ અને થર્ડ પાર્ટી સેકશન એમ બે સેકશન આવે છે. જેમાં ૨૫ માર્ચથી ૩ મે ૨૦૨૦ સુધી રિન્યુઅલ માટેની ડયૂ ડેટ હતી અને તેઓને ૧૫ મે ૨૦૨૦ સુધીની મુદત આપવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન જો પ્રિમિયમ ડિપોઝીટ કરવામાં ન આવ્યુ હોય તો પોલિસીધારકને થર્ડ પાર્ટી સેકશનનો લાભ મળી શકે નહીં. તેમણે કહયું કે, મોટર પોલિસીમાં ઓન ડેમેજ સેકશનમાં એનસીબી માટે ખાસ ઘ્યાન રાખવાનું રહેશે. કારણ કે ૯૦ દિવસની અંદર જો પોલિસી રિન્યુ કરવામાં ન આવે તો એનસીબીનો લાભ મળશે નહીં.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, હેલ્થ ઇન્સ્યુરન્સમાં પણ સેમ ગાઇડલાઇન માટે આઇઆરડીએ દ્વારા નોટીફિકેશન બહાર પાડયુ છે. ગૃપ હોય અથવા રીટેલ પોલિસી માટે પ્રિમિયમ ભરવા માટે ૧૫ મે ૨૦૨૦ સુધીની ડયૂ ડેટ આપવામાં આવી હતી. જો પ્રિમિયમ નહીં ભર્યુ હશે તો પોલિસી બ્રેક થઇ જશે અને કન્ટીન્યુટી રહેતી નથી. એવા સંજોગોમાં પોલિસીધારકને કલેઇમ મળશે નહીં પરંતુ હવે તેઓ પ્રિમિયમ ભરશે તો પોલિસી કન્ટીન્યુ થઇ જશે.

શ્રી દિપક પાંડેએ જણાવ્યુ હતુ કે, એકઝીસ્ટીગ મેડીકલ પોલિસીમાં કોવિડનું ઇન્સ્યુરન્સ કવર થાય છે. જનરલ કોમ્પ્રેહેન્સીવ મેડીકલ હેલ્થ ઈન્સ્યુરન્સમાં કર્મચારીઓ તથા તેમના પરિવારજનોને પણ મેડીકલ કવરમાં આવરી શકાય છે. આ પોલિસીમાં બધી જ બિમારી અને મેડીકલ હોસ્પિટલાઇઝેશનનો ખર્ચ કવર થાય છે. આથી સંસ્થાઓએ તેમના કર્મચારીઓને જનરલ પોલિસીમાં ઓવરઓલ કોમ્પ્રેહેન્સીવ કવરવાળી પોલિસી આપવી જોઇએ. સંસ્થાઓ દ્વારા લેવાયેલી ગૃપ હેલ્થ પોલિસીમાં વર્ષ દરમિયાન નોકરી છોડીને ગયેલા કર્મચારીઓના નામ કમી કરી શકાય છે અને નવા કર્મચારીઓનો સમાવેશ પણ કરી શકાય છે.

મેડીકલમાં ફોરેન ટ્રિટમેન્ટ અંગે તેમણે જણાવ્યુ હતુ કે, કેટલીક ઇન્સ્યુરન્સ કંપનીઓ એકઝીસ્ટીંગ પોલિસીમાં અલગથી ફોરેન ટ્રિટમેન્ટ માટેનું મેડીકલ કવર આપે છે. પરંતુ અલગથી લેવામાં આવતી પોલિસીમાં ક્રિટીકલ એડવાન્ટેજ રાઇડર આપવામાં આવે છે. જેમાં દર્દી માટે ટ્રાવેલ, હોસ્પિટલાઇઝેશન અને દર્દીની સંભાળ માટે એક વ્યકિતનો ખર્ચ ઇન્સ્યુરન્સ કંપની દ્વારા આપવામાં આવે છે.

ચેમ્બરના ભુતપૂર્વ પ્રમુખ શ્રી નિલેશ માંડલેવાલાએ વેબીનારનું સંચાલન સુપેરે પાર પાડયુ હતુ. ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માની વેબીનારનું સમાપન કર્યુ હતુ.